**GJSK180010522022**

દાખલ તારીખ: ૧૩–૧૦–૨૦૨૨
રજીસ્ટર તારીખ: ૧૩–૧૦–૨૦૨૨
ફેંસલ તારીખ :૧૮–૧૦–૨૦૨૨

**સાબરકાંઠા જિલ્લાના મે.બીજા અધિકસત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઈડર.**

---

**ફોજદારી પરચૂરણ અરજી નં.૫૦૫/૨૦૨૨**
**આંક:–**

**પટેલ દિક્ષિતકુમાર મુકેશકુમાર ઉ.વ.આ.૨૪**
રહે. ઉંઢાઈ, તા.વડનગર,
જી.મહેસાણા. **:::: અરજદાર/આરોપી**

**વિરુધ્ધ...**

**શ્રી સરકાર :::: સામાવાળા**

**બાબત :– ક્રિ. પ્રો. કો. ક. ૪૩૮ અન્વયે આગોતરા જામીન અરજી**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ. શ્રી જે.એસ.ઠાકોર
સામાવાળા સરકાર તરફે વિ. એડી.પી.પી.શ્રી પી.જે.સોની

---

**– : : ઠ રા વ : : –**

(૧) જામીન અરજી વંચાણે લીધી. ત.ક.અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ સોગંદનામું વંચાણે લીધું. પોલીસ પેપર્સ વંચાણે લીધા. અરજદાર/ આરોપી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા તથા સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૨) હાલના અરજદાર/આરોપી સામે ઈડર પોલીસ સ્ટેશનના પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૨૦૯૦૨૦૨૨૧૦૧૯/૨૦૨૨, ઈ.પી.કો.કલમ–૪૧૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૧૪ મુજબના ગુન્હાના કામે આગોતરા જામીન ઉપર મુકત થવા હાલની અરજી કરેલ છે. અરજદાર/આરોપી તરફે જામીન પર મુકત થવા માટેના

જે કારણો જણાવેલ છે તે તમામ અરજીમાં લેખિત સ્વરૂપે ઉપલબ્ધ હોઈ તથા આ હુકમ તે અરજી સંલગ્નનો જ હુકમ હોઈ તે તમામ કારણોનું અત્રે પુનરાવર્તન કરેલ નથી, પરંતુ તમામ કારણો વંચાણે અને ધ્યાને લીધેલ છે.

(૩) અરજદાર/આરોપી સામેના મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતાં, આ કામના આરોપી પોતે વી.આઈ. અને એરટેલના રીટેલર તરીકે નોકરી કરતા હોઈ, સીમકાર્ડનો દુરુઉપયોગ કરવાના ઈરાદે ગ્રાહકોના આધારકાર્ડ તથા ફોટા તેમજ ફીંગર પ્રિન્ટ મેળવી ગ્રાહકની જાણ બહાર એક કરતાં વધારે સીમકાર્ડ એકટીવ કરી એક સીમકાર્ડ ગ્રાહકને આપી અને બીજા સીમકાર્ડ દુરુપયોગ કરવાના ઈરાદે પોતાની પાસે રાખી તથા જુદા જુદા નામ–સરનામાવાળા આધારકાર્ડમાં એકસરખો ફોટો એડીટીંગ કરી ખોટા આધારકાર્ડ તૈયાર કરી આધારકાર્ડ ખોટા હોવાનુ જાણવા છતાં તેનો સાચા તરીકે ઉપયોગ કરવાના હેતુથી પોતાની પાસે રાખી કુલ રૂા.૨,૦૨,૬૦૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૪) જયાં સુધી હાલની અરજીના અનુસંધાને બન્ને પક્ષની દલીલનો પ્રશ્ન છે ત્યાં સુધી સૌ પ્રથમ અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની દલીલ સાંભળતાં તેઓએ તેમની દલીલમાં ભારપુર્વક રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીનુ એફ.આઈ.આર.માં નામ નથી. અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે બનાવ હકીકતથી અજાણ છે. આ ગુન્હામાં ફરીયાદીએ અને પોલીસે ખોટી રીતે સંડોવેલ છે. અરજદાર/આરોપી વેપાર કરે છે અને યુવાન વયના છે. નામદાર કોર્ટ ફરમાવશે તેવી તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે. અરજદાર/આરોપી મહેસાણા જીલ્લાના કાયમી રહીશ છે અને સ્થાવર તથા જંગમ મિલકતો ધરાવે છે અને નાસી–ભાગી જાય તેવા નથી. અરજદાર/આરોપી તેમના સમાજમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે તેમ છતાં પોલીસ અરજદાર/આરોપીની ધરપકડ કરે તો તેમની પ્રતિષ્ઠાને હાની પહોંચે તેમ છે. પોલીસ તપાસમાં પુરેપુરો સાથ અને સહકાર આપવાની ખાત્રી આપે છે. આ તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ હાલની આગોતરા જામીન ઉપર મુકત કરવાની અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૫) જયાં સુધી સરકાર તરફેની દલીલનો પ્રશ્ન છે ત્યાં સુધી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ હાલની આગોતરા જામીન અરજીનો સખ્ત વિરોધ કરી ભારપુર્વક રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં આર્થિક લાભ મેળવવાના ઈરાદે ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ છે. ગુન્હાની તપાસ હાલ ચાલુ છે. આરોપીઓ સામે પ્રથમ દર્શનીય કેસ છે અને કોઈ ખોટો કેસ કરવામાં આવેલ નથી. જેથી અરજદાર/આરોપીના આગોતરા જામીન નામંજુર કરવા તેઓ તરફે અરજ ગુજારવામાં આવેલ છે.

(૬) તપાસ કરનાર અમલદારે તેઓના સોગંદનામામાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ આ ગુન્હાના મુખ્ય આરોપી નં.૧ પાસેથી કોઈપણ પ્રકારના પોતાના આધાર પુરાવા આપ્યા વગર આર્થિક લાભ મેળવવા તથા ગુનાહિત પ્રવૃતિ કરવા માટે વોડાફોન આઈડીયા કંપનીના ડમી સીમકાર્ડ કુલ-૧૦ ની ખરીદી કરેલાનુ તપાસ દરમ્યાન જણાઈ આવેલ છે. જેથી અરજદાર/આરોપીએ ખરીદ કરેલ વોડાફોન આઈડીયા કંપનીના એકટીવ ડમી સીમકાર્ડ-૧૦ કોઈ ગુનાહિત પ્રવૃતિ કરનાર તથા આતંકવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમને વેચાણ આપેલ છે કે કેમ ? તેની તપાસ હાલમાં ચાલુ છે અને આ સીમકાર્ડ કબ્જે લેવાના બાકી છે. જેથી અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૭) બંને પક્ષો તરફેની મૌખિક રજુઆતો બાદ કાયદાકીય સ્થિતિ અંગે પણ જોતાં કોઈપણ બિન જામીનપાત્ર ગુન્હાના કામમાં આરોપીને જામીન ઉપર મુકત કરવો કે કેમ ? તે બાબત ક્રિ.પ્રો. કો.કલમ-૪૩૮ ની જોગવાઈ મુજબ અદાલતની વિવેકબુધ્ધિની સત્તાને આધીન છે. પરંતુ ક્રિ.પ્રો. કો.કલમ-૪૩૮ ની જોગવાઈ જોવામાં આવે તો, ..

(૧) બિન જામીન લાયક ગુન્હો કર્યા અંગેના આરોપમાં કોઈ વ્યકિતને તેની ધરપકડ થશે તેવુ માનવાને કારણ હોય ત્યારે તે ઉચ્ચ અદાલત અથવા સેશન્સ અદાલતને આ કલમ હેઠળ નિર્દેશ આપવા અરજી કરી શકશે કે આવી ધરપકડ સમયે તેને જામીન પર મુકત કરવામાં આવે અને અન્ય તથા નીચેના પરીબળો જેમ કે,

૧. આરોપીનો પ્રકાર તથા ગંભીરતા,

૨. કોગ્નીઝેબલ ગુન્હા અંગે આ પહેલા અદાલતે દોષિત ઠરાવવાથી સજા ભોગવી છે કે કેમ તે સહીત અરજદારનો પૂર્વ ઈતિહાસ,

૩. ન્યાયથી નાસી જવાની અરજદારની સંભાવના,

૪. તે મુજબ ધરપકડ કરીને અરજદારને હાનિ અથવા માનહાનિ કરવાના હેતુથી આરોપ મુકવામાં આવ્યો હોય,

(૨) પેટા કલમ (૧) હેઠળ ઉચ્ચ અદાલત અથવા સેશન્સ અદાલત આદેશ કરે ત્યારે આવા આદેશમાં જે તે કેસની હકીકતો લક્ષ પર લઈ તેને યોગ્ય જણાય તેવી શરતોનો સમાવેશ કરી શકશે.

(૮) પ્રસ્તુત કામે પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, આ કામના આરોપી પોતે વી.આઈ. અને એરટેલના રીટેલર તરીકે નોકરી કરતા હોઈ, સીમકાર્ડનો દુરુઉપયોગ કરવાના ઈરાદે ગ્રાહકોના આધારકાર્ડ તથા ફોટા તેમજ ફીંગર પ્રિન્ટ મેળવી ગ્રાહકની જાણ બહાર એક કરતાં વધારે સીમકાર્ડ એકટીવ કરી એક સીમકાર્ડ ગ્રાહકને આપી અને બીજા સીમકાર્ડ દુરુપયોગ કરવાના ઈરાદે પોતાની પાસે રાખી તથા જુદા જુદા નામ-સરનામાવાળા આધારકાર્ડમાં એકસરખો ફોટો એડીટીંગ કરી ખોટા આધારકાર્ડ તૈયાર કરી આધારકાર્ડ ખોટા હોવાનુ જાણવા છતાં તેનો સાચા તરીકે ઉપયોગ કરવાના હેતુથી પોતાની પાસે રાખી કુલ રૂા.૨,૦૨,૬૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલાની ફરીયાદ છે.

(૯) પ્રસ્તુત કામે પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, આ કેસની તપાસની શરૂઆત સાયબર ક્રાઈમ પો.સ્ટે. ગાંધીનગર વિભાગ, ગાંધીનગરને મળેલી. ફરીયાદી હિમાંશુ પ્રભુભાઈ રહે. ખોરજ, તા.જી.ગાંધીનગર નાઓએ કરેલી. સદરહુ ફરીયાદમાં હિમાંશુ પ્રભુભાઈ રહે. ખોરજ, તા.જી.ગાંધીનગર નાઓએ તેમના મોબાઈલ ઉપર કોઈ અજાણ્યા વ્યકિત મોબાઈલ નં.૭૨૮૪૮૫૩૭૫૨ તદૃઉપરાંત ૬૦૨૬૫૭૭૯૦૦ થી વારંવાર બિભત્સ માગણી તથા માનસિક રીતે હેરાન કરવા અંગે વીડીયોકોલ તથા વોટસએપ મેસેજની હાલની ફરીયાદની તપાસમાં ખુલવા પામેલ કે, આ ગુન્હાના મુખ્ય તહોમતદાર સંજયકુમાર વસંતભાઈ પરમાર નાઓના મોબાઈલ નંબર તથા તેઓ વોડાફોન, આઈડીયા કંપનીના સીમકાર્ડ રીટેલર હોઈ, તેમની પાસે પોલીસ ગયેલી અને તેમની પાસેથી જુદા જુદા લોકોના આધારકાર્ડની નકલો, સીમકાર્ડ, ઓળખપત્ર વિગેરે ફરીયાદમાં જણાવ્યા મુજબ મળી આવેલ.

(૧૦) પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, મુખ્ય તહોમતદાર સંજયકુમાર વસંતભાઈ પરમાર કે જેઓ સીમકાર્ડ રીટેલરનો ધંધો કરે છે તેઓ વોડાફોન, આઈડીયા કંપનીના સીમકાર્ડ રીટેલર તરીકે કામ કરે છે તે પહેલાં તેઓ રીલાયન્સ જીઓ કંપનીના સીમકાર્ડના રીટેલર તરીકે કામ કરતા હતા તેઓ આ સમય દરમ્યાન વોડાફોન, આઈડીયા કંપનીના સીમકાર્ડના રીટેલર હોઈ, તેઓ જયારે પણ કોઈ વ્યકિત સીમકાર્ડ ખરીદવા આવે ત્યારે તેઓને નામ અને આધારકાર્ડના આધારે એક સીમકાર્ડ આપી અને બીજુ સીમકાર્ડ પોતાની પાસે રાખી અને આ રીતે મુખ્ય તહોમતદાર સંજયકુમાર વસંતભાઈ નાઓ તેમના ગ્રાહકો પાસેથી તેમના આધારકાર્ડ અને તેઓની સહી કરી, ખોટી રીતે તેમના સીમકાર્ડ એકટીવેટ કરાવી અને મહેસાણા જિલ્લામાં તથા જુદી જુદી જગ્યાએ પોતે નફો મેળવી એ રીતે વેચાણ આપેલા. ત.ક.અમલદારના સોગંદનામા ઉપરથી એવી હકીકત સ્પષ્ટ છે કે, અરજદાર/આરોપીએ આ ગુન્હાના આરોપી નં.૧ નાઓની પાસેથી ડમી સીમકાર્ડ કુલ-૧૦ કિંમત રૂા.૩,૦૦૦/- માં ખરીદ કરેલા છે. આમ, હાલના ગુન્હાના કામે અરજદાર/આરોપીનો સીધો કોઈ રોલ જણાતો નથી, તેમજ જે કોઈ ગુન્હો આચરેલ છે તે મુખ્ય તહોમતદાર સંજયકુમાર વસંતભાઈ પરમારનાઓએ આચરેલ અને તેઓ આ ગુન્હાના મુખ્ય સુત્રધાર અને કાવતરાખોર છે. આ ઉપરાંત હાલના ગુન્હા અન્ય સહઆરોપી પ્રજજવલ મોદીને નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિ.પ.અ.નં.૧૮૦૧૬/૨૦૨૨ થી આગોતરા જામીન ઉપર મુકત કરેલા છે. તદૃઉપરાંત આ ગુન્હા અન્ય સહઆરોપીઓ ફરઝાનખાન જબીરખાનને કિ.પ.અ.નં. ૧૭૦૨૧/૨૦૨૨ થી તેમજ ઠકકર વિશાલભાઈ લાલભાઈને ક્રિ.પ.અ.નં. ૧૭૧૩૪/૨૦૨૨ થી નામદાર ગુજરાત હાઈકોર્ટે રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલા છે. આમ, પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, આ કામે સહતહોમતદાર પ્રજજવલ નવિનભાઈને નામદાર ગુજરાત હાઈકોર્ટે શરતોને આધીન આગોતરા જામીન ઉપર મુકત કરેલ છે. સહતહોમતદાર પ્રજજવલ નવિનભાઈ ઉપર મુખ્ય તહોમતદાર સંજયકુમાર વસંતભાઈ પાસેથી ૨૦ સીમકાર્ડ ખરીદ્યાનો આક્ષેપ હતો. તે જ

રીતે હાલના અરજદાર/આરોપી ઉપર પણ મુખ્ય તહોમતદાર સંજયકુમાર વસંતભાઈ પાસેથી ૧૦ સીમકાર્ડ ખરીદ કર્યાનો આક્ષેપ છે. આમ, બન્ને આરોપીઓ ઉપર સમાન આક્ષેપો છે. જેથી હાલના અરજદાર/આરોપીને પણ સમાનતાના ધોરણે આગોતરા જામીન ઉપર મુકત કરવા જોઈએ તેવું આ અદાલતનુ માનવુ છે. આમ, ઉપરોકત ચર્ચા તથા **નામદાર સુપ્રીમ કોર્ટના સિધ્ધરામ સતલીંગપ્પા મ્હાત્રે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૧૧(૧) જી.એલ.એચ.**પાના નં.૧૧ ઉપર પ્રતિપાદિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં, અરજદાર/આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. તેથી ઉપરોકત ન્યાયીક નિર્ણય મુજબ ચોકકસ શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન હાજરી ઉપલબ્ધ બની રહેશે. જેથી હાલના અરજદાર/આરોપીને ક્રિ.પ્રો. કો.કલમ–૪૩૮ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયીક ડિસ્ક્રેશન વાપરવું યોગ્ય તેમજ ન્યાયોચિત જણાય છે અને તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–:: હુ ક મ ::–**

આ કામના અરજદાર/આરોપી **પટેલ દિક્ષિતકુમાર મુકેશકુમાર,** રહે. ઉઢાઈ, તા.વડનગર, જી.મહેસાણા નાઓની ઈડર પોલીસ સ્ટેશનના પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૨૦૯૦૨૦૨૨૧૦૧૯/૨૦૨૨, ઈ.પી.કો. કલમ–૪૧૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૧૪ મુજબના ગુનાના કામે કરેલ આગોતરા જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે અને જયારે પણ અરજદાર/આરોપીની ધરપકડનો પ્રસંગ ઉભો થાય ત્યારે અરજદાર/આરોપીએ **રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચીસ હજાર પુરા)** ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત–મૂચરકા રજૂ કર્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો :–**

(૧) અરજદાર/આરોપીએ પોતાની જામીન મુકિતનો દૂરૂપયોગ કરવો નહીં.

(૨) અરજદાર/આરોપીએ અરજીના હુકમ તારીખથી દિન–૭ સુધીમાં તપાસ કરનાર અધિકારી સમક્ષ હાજર થવાનું રહેશે.

(૩) અરજદાર/આરોપીએ તપાસ અધિકારીને તપાસના કામે સંપૂર્ણ સહકાર આપવો.

(૪) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના કોઈપણ સાક્ષી પુરાવાને ફોડવા નહીં કે ધાક ધમકી આપવી નહીં કે લોભ લાલચ આપવા પ્રયત્ન કરવો નહિં, તેમજ તપાસને અડચણ થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહીં.

(૫) તપાસ કરનાર અધિકારીને તપાસના કામે અરજદાર/આરોપીના રિમાન્ડ મેળવવાની જરુરીયાત જણાય ત્યારે હકુમત ધરાવતી અદાલત સમક્ષ રીમાન્ડની માંગણી કરી શકે છે અને હકુમત ધરાવતી અદાલત આવી અરજીનો ગુણદોષ ઉપર ન્યાયિક નિર્ણય કરશે તેમાં આ હુકમમાં કરેલ અવલોકનો બાધારૂપ ગણાશે નહીં.

(૬) આ હુકમની જાણ લગત પોલીસ સ્ટેશને કરવી.

આ હુકમ આજરોજ તારીખ ૧૮મી માહે ઓકટોબર, સને–૨૦૨૨ નારોજ મારી સહી કરી ખુલ્લી અદાતમાં જાહેર કર્યો.

**(સવાઈસિંહ મોહનસિંહ રાજપુરોહિત)**
જીજે૦૦૫૪૪
બીએસપી
બીજા એડીશનલ સેશન્સ જજ, ઈડર.